કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૫૭૨૯

તા. ૯/૧૦/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી તમામ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

## વિષય :- સત્રાંત પરીક્ષા – ૨૦૧૮ બાબત..........

ઉપરોક્ત વિષય અન્વયે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની તમામ પ્રાથમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સત્રાંત પરીક્ષા – ૨૦૧૮નો ધોરણ – ૩ થી ૮નો પરીક્ષા કાર્યક્રમ અને પરીક્ષા અંગેની સૂચનાઓ નીચે પ્રમાણે આપવામાં આવે છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

### સત્રાંત પરીક્ષા કાર્યક્રમ – ૨૦૧૮

| ક્રમ | તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૨/૧૦/૨૦૧૮ | સોમવાર | ૩ થી ૫ | ગણિત | ૧૧ થી ૧ | ૪૦ |
| | | | ૬ થી ૮ | ગણિત | ૨ થી ૫ | ૮૦ |
| ૨ | ૨૩/૧૦/૨૦૧૮ | મંગળવાર | ૩ થી ૫ | ભાષા | ૧૧ થી ૧ | ૪૦ |
| | | | ૬ થી ૮ | ભાષા | ૨ થી ૫ | ૮૦ |
| ૩ | ૨૪/૧૦/૨૦૧૮ | બુધવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૧૧ થી ૧ | ૪૦ |
| | | | ૬ થી ૮ | વિજ્ઞાન | ૨ થી ૫ | ૮૦ |
| ૪ | ૨૫/૧૦/૨૦૧૮ | ગુરુવાર | ધો- ૫ | અંગ્રેજી | ૧૧ થી ૧ | ૪૦ |
| | | | ૬ થી ૮ | અંગ્રેજી | ૨ થી ૫ | ૮૦ |
| ૫ | ૨૬/૧૦/૨૦૧૮ | શુક્રવાર | ધો- ૫ | હિન્દી | ૧૧ થી ૧ | ૪૦ |
| | | | ૬ થી ૮ | હિન્દી | ૨ થી ૫ | ૮૦ |
| ૬ | ૨૭/૧૦/૨૦૧૮ | શનિવાર | ૬ થી ૮ | સંસ્કૃત/ફારસી | ૮ થી ૧૧ | ૮૦ |
| ૭ | ૨૯/૧૦/૨૦૧૮ | સોમવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૨ થી ૫ | ૮૦ |

ખાસ સૂચના :-

- ધોરણ ૩ થી ૫ માટે તા. ૧૧/૦૮/૨૦૧૧ તથા ધોરણ ૬ થી ૮ માટે તા. ૦૯/૦૭/૨૦૧૨ ના નિયામકશ્રી જી.સી.આર.ટી., ગાંધીનગરના મૂલ્યાંક્ન અંગેના પરિપત્ર મુજબ મૂલ્યાંક્ન કરવાનું રહેશે. શાળાકીય સર્વગ્રાહી સતત મુલ્યાંકન પુસ્તિકામાં આપેલ નિયમ મુજબ જે તે વિષયનું અનૌપચારિક મુલ્યાંકન કરવાનું રહેશે.
- પરીક્ષા દરમ્યાન શાળાનો સમય ૧૦.૩૦ થી ૫.૧૫ સુધીનો રહેશે.
- પ્રથમ સત્રના પાઠયક્રમને આવરી લેવામાં આવેલ છે.
- પ્રશ્નપત્ર સંબંધિત વિષયવસ્તુ સામગ્રી જે તે પ્રશ્નપત્ર સાથે આપવામાં આવશે.
- નિરીક્ષણ અને પરીક્ષણ કાર્ય આયોજન કરી તેની ફાઇલ શાળાએ દફતરે રાખવાની રહેશે.
- પરીક્ષણ કાર્ય માટે શાળાના તમામ શિક્ષકોને કાર્ય વહેચણી કરવી. તથા ધોરણ ૧ અને ૨ માં અનૌપચારિક મૂલ્યાંકન કરવું.
- ધો. ૩,૪,૫ ના પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાના રહેશે. ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓએ પેન થી લખવાનું રહેશે.
- ધોરણ ૩ થી ૮ના મૂલ્યાંક્ન પત્રકોના ગુણ અંગ્રેજી અંકો માં લખવાના રહેશે
- ધોરણ ૩ થી ૫ માં ૪૦ ગુણ માટે બે કલાકનો અને ધોરણ ૬ થી ૮ માં ૮૦ ગુણ માટે ત્રણ ક્લાકનો સમય રહેશે.
- ઉત્તરવહીના બંડલ રોજે રોજ તપાસી આચાર્યશ્રીને જમા કરાવવાના રહેશે.
- મુખ્ય શિક્ષક ધ્વારા ઓછામાં ઓછી ૫ ટકા ઉત્તરવહી .ચકાસણી કરવાની રહેશે (બંડલો)
- નિરીક્ષકશ્રીએ પણ પ્રત્યેક શાળામાં ઉત્તરવહી રેન્ડમ ચકાસવાની રહેશે .
- જે શાળાઓમાં શિક્ષકોની ઘટ હોય તે શાળાના આચાર્યશ્રીએ વિવેકબુદ્ધીનો ઉપયોગ કરી પરીક્ષણ કાર્યનું આયોજન કરવું .
- અનિવાર્ય સંજોગો સિવાય પરીક્ષા દરમ્યાન રજા મંજુર કરવી નહી .
- તમામ શિક્ષકોને નિશ્ચિત રેશિયો મુજબ ઉત્તરવહી ચકાસણી કરવાની રહેશે.
- પ્રજ્ઞા શિક્ષકોએ પણ ઉત્તરવહી ચકાસણી કરવાની રહેશે.
- પરીક્ષણ અને નિરિક્ષણ કાર્ય માટે શાળાઓએ પોતાની રીતે આયોજન કરવું.
- જે તે ધોરણમાં આલેખ અને નકશા પુછવામાં આવશે તો તે પ્રશ્નપત્રની સાથે જ આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓ પાસેથી સાહિત્યની કોઈપણ પ્રકારની ફી ઉઘરાવવાની રહેશે નહીં.
- પરીક્ષા દરમ્યાન વિધાર્થીઓ ગેરહાજર ન રહે તે ખાસ જણાવવામાં આવે છે .
- લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રો પરીક્ષાના નિયત સમય કરતાં ૧૫ મિનિટ પહેલા મુખ્ય શિક્ષકશ્રીએ સીલબંધ કવર ખોલી પ્રશ્નપત્રોની ગણતરી કરી જે તે શિક્ષકની સહી કરાવવાની રહેશે .
- ઉર્દૂમાધ્યમમાં ધોરણ ૮માં ફારસીનું પ્રશ્નપત્ર રહેશે.
- સત્રાંત પરીક્ષામાં વ્યકિતત્વ વિકાસ ( પત્રક -B) નો ગ્રેડ પ્રગતિ કાર્ડમાં લખવાનો રહેશે .
- જો વાલી ઈચ્છે તો બાળકની ઉત્તરવહી વાલીને જોવા આપવાની રહેશે .

<u>વિકલાંગ બાળકોની પરીક્ષા બાબત .</u>

ગુજરાત શૈક્ષણિક અને તાલીમ પરિષદ ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૦૪/૦૨/૨૦૦૨ના પત્રથી આપેલ સૂચનાઓ અન્વયે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકલાંગ બાળકો તેમની પરીક્ષામાં વિશેષ સવલતો આપવા જણાવેલ છે. તે સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

- અપંગ બાળકોને શકય હોય ત્યાં નીચે ભોંયતળિયે બેઠક વ્યવસ્થા ગોઠવવી.
- વિકલાંગ બાળકોને પરીક્ષા સમયમાં નિર્ધારીત સમય કરતા ૩૦ મિનિટ વધુ સમય આપવાનો રહેશે.
- વિકલાંગ બાળકો જે ધોરણમાં અભ્યાસ કરતા હોય તે નિમ્ન ધોરણનાં બાળકોને જરૂર જણાય તો લહિયા તરીકેની મદદ આપવાની રહેશે. લહિયા પોતાની જ શાળાના હોય એ જરૂરી નથી.
- વિકલાંગ બાળકો સાથે સંપૂર્ણપણે માનવીય અભિગમ દાખવીને મૂલ્યાંકન પ્રક્રિયાનું પાલન કરવું.

**<u>પ્રશ્નપત્ર કે ઉત્તરવહી સંદર્ભ કોઈ સમસ્યા જણાય તો નીચે મુજબના નિરીક્ષકશ્રીઓનો સંપર્ક કરવો .</u>**

- **અજમેરવાલા શોએબ.** **મો. નંબર- ૯૩૨૮૯૩૯૩૭૭**
- **નિમિષાબેન પટેલ.** **મો. નંબર- ૭૫૬૭૯૨૨૮૧૭**
- **કિર્તીબેન બોરસે.** **મો.નંબર- ૯૭૧૪૨૯૫૬૧૧**

**<u>દિવાળી વેકેશન તા. ૦૫/૧૧/૨૦૧૮ થી તા. ૧૮/૧૧/૨૦૧૮ સુધી (૧૪ દિવસ)</u>**

**<u>તમામ પ્રાથમિક શાળાઓમાં તા.૧૯/૧૧/૨૦૧૮થી બીજું શૈક્ષણિક સત્ર શરૂ કરવાનું રહેશે.</u>**

**<u>પરીક્ષાનું પરિણામ ૨૪/૧૧/૨૦૧૮ના રોજ જાહેર કરવાનું રહેશે.</u>**

આ પરિપત્રની જાણ શાળાના તમામ શિક્ષકો ,વિધાર્થીઓ તથા વાલીઓને કરવાની રહેશે ,

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

<u>સાદર નકલ રવાના</u>:-

(૧) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર

(૩) નિયામકશ્રી , જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

(૪) કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત તરફ જાણ થવા સારૂ.

(૫) ડે. કમિશ્નરશ્રી,(ફા.) સુરત મહાનગરપાલિકા, સુરત તરફ જાણ થવા સારૂ.

(૬) અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ જાણ થવા સારૂ.

<u>નકલ રવાના :-</u>

૧. ઉપશાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ જાણ તથા અમલ સારૂ.

૨. બીટ નિરીક્ષકશ્રી , નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ જાણ તથા અમલ સારૂ.

૩. યુ.આર.સી.કો-ઓર્ડિનેટર તમામ, સુરત તરફ જાણ તથા અમલ સારૂ.